જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૫/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

સી.આર.પી.સી.કલમ ૮૨/૮૩ મુજબ
આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ– **સમાચાર યાદી નં.૬૧૯/૨૦૨૬**

વટવા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૪૯૯/૨૦૦૪ ઈપીકો કલમ ૧૭૧,૩૮૪,૩૯૫, ૧૨૦(બી), મુજબ તથા સેશન્સ કેસ નં.૬૭૭/૨૦૨૫ મુજબના ગુનાના કામે આરોપી (૧) સંજયસિંહ ઉર્ફે ટીનો સ/ઓ જામસિંહ વાઘેલા (ઉ.વ.૪૦) (રહે. બી–૫ લાભશુભ સોસાયટી સાણંદ) (૨) કલ્પનાબેન બચુભાઈ શાહ (ઉ.વ.૩૪) (રહે. રામેશવર સોસાયટી લાભશુભ સોસાયટી પાસે સાણંદ) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી પી.પી.પટેલ સાહેબ, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૧૯/૦૫/૨૦૨૬ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૬૨૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૧૭૮૨ લીટર દેશી દારૂ, ૫૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૫૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ બિયર ટીન અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૦૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૬૨૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાતય કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૬૨૨/૨૦૨૬**

કાઇમ બ્રાન્ચઃ આકાશભાઈ રાજેશભાઈ ઠાકોર (ઉ.વ.૩૨)(રહે.આકૃતી એપાર્ટમેન્ટ ભાયકાકાનગર થલતેજ બોડકદેવ) એ તા.૦૨/૦૫/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૨/૨૦૨૫ થી તા.૧૩/૦૬/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન નારોલ બાલાજી પેટ્રોલ પમ્પ પાસે કોજી હોટલ સામે પ્લોટ નં.૧૩ સીરીયલ નં.૧૦ "દેવરાજ એસ્ટેટ" ખાતેથી આરોપી "મેકસ ઇમ્પેક્ષ" તથા "એ ટુ ઝેડ ફેશન"ના માલીકો (૧) મહમદહુસેન (રહે.વડાલા ન્યુ ટ્રાન્જીસ્ટ કેમ્પ શેખ મિશ્રી રોડ એન્ટોપ હિલ મુંબઈ ઉપનગરીય મહારાષ્ટ્ર) (૨) મોહમદસલીમ જલીલઅહેમદ અન્સારી (રહે.પહેલોમાળ સીટી સેન્ટર આગ્રારોડ કામેતઘર ભીવન્ડી થાણે મહારાસ્ટ્ર) (૩) ફેશન કેર કલબના માલીકો નિતેશ ઉમેશ મિશ્રા (રહે.ઉંબરાઓન કમરવાડ રોડ વિશ્વકર્મા મંદિર ઉમ્બરગાવ વલસાડ ગુજરાત) (૪) શુભમ દુબે તથા દલાલ (૫) દિનેશ પાન્ડે એ ભેગામળી જથ્થાબંધ ફિનીસ ડેનીમ કાપડનો માલ ઉધારીમાં ખરીદ કરી માલનુ પેમેન્ટ ૫૦ ટકા એડવાન્સ તથા ૫૦ ટકા માલની ડિલેવરી મળેથી ચુકવી દેવાની ખાતરી આપી, વાયદા મુજબ પેમેન્ટ નહિ આપી માલના બાકી લેણા રૂપિયા ૪૫,૮૮,૯૧૬/– આકાશભાઈ ઠાકોરને નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.બી.મજીઠીયા ચલાવે છે.

બોડકદેવઃ ચિંતનકુમાર સ/ઓ વિનોદભાઇ પંડ્યા (રહે. શુકન રેસીડન્સી વંદેમાતરમ ચાર રસ્તા પાસે વંદેમાતરમ ગોતા) એ તા.૦૨/૦૫/૨૦૨૬ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૬/૨૦૨૫ થી તા.૨૧/૦૨/૨૦૨૬ સુધીના સમયગળા દરમ્યાન બોપલ આંબલી રોડ ઉપર નેપચ્યુન હાઉસની પાસે કે.આઇ.એફ.એસ. કોર્પોરેટ હાઉસમાં આવેલ એક્રેત એનર્જી ટ્રાન્ઝિશન્સ લીમીટેડ એન્ડ ગ્રુપ કંપની તથા તેની સબ કંપની એક્રેત ગ્રીનર્જી પ્રા.લી.ની હેડ ઓફીસ ખાતે કંપનીના એચ.આર. એક્ઝિક્યુટિવ તરીકે કામ કરતા કર્મચારી ઇન્દરજીત કૌર વા/ઓ હરમિતસિંહ ખનુજા (રહે.પ્રતાપનગર ઇન્દ્રોર મધ્યપ્રદેશ) એ એક્રેત એનર્જી ટ્રાન્ઝિશન્સ લીમીટેડ એન્ડ ગ્રુપ કંપની તથા એક્રેત ગ્રીનર્જી પ્રા.લી.કંપનીમાં અલગ-અલગ કન્સલટન્સી તરફથી કર્મચારીઓ પુરા પાડવામાં આવતા હતા તે કર્મચારીઓના કમિશન જે તે કન્સલટન્સીને ચુકવવા માટે સાચા બીલો બનાવવામાં આવતા હતા તે બીલોની આડમાં કર્મચારીઓ પુરા પાડેલ ન હોય તેમ છતા અલગ-અલગ કન્સલટન્સીઓના નામે કમિશનના ખોટા બીલો બનાવી સાચા તરીકે પાસ કરાવી અલગ અલગ કન્સલટન્સી કંપનીઓના ખાતાઓ કે જેમાં (૧) A.S.K.HR Consultancy and Services કંપનીના આઇ.ડી.એફ.સી. બેંક એકાઉન્ટ નંબર ૧૦૨૬૦૧૧૨૩૮૪ સનર રોડ બ્રાંચના ખાતામાં (૨) Help To Grow HR Consultancy કંપનીના એસ.બી.આઇ. બેંક એકાઉન્ટ નંબર ૫૫૦૦૩૨૮૦૨૯૨ ઉષાનગર બ્રાંચ ના ખાતામાં (૩) Prime People HR Consutantc and Services કંપનીના કેનેરા બેંક એકાઉન્ટ નંબર ૧૧૦૨૮૩૪૯૭૧૪૫ આદર્શ નગર બ્રાંચના ખાતામાં (૪) Sodexo Staffing HR Consutant કંપનીના એસ.બી.આઇ. બેંક એકાઉન્ટ નંબર ૪૪૮૯૮૬૨૭૩૮૪ વિરેન્દ્ર વિક્રમસિંગ બ્રાંચના ખાતામાં અને (૫) Dzire Paper's કંપની/એસ.બી.આઇ. બેંક એકાઉન્ટ નંબર ૪૪૫૫૪૪૨૫૩૫૧ રૂપરામ નગર બ્રાંચના કન્સલટન્સી કંપનીઓના ખાતાઓમાં અલગ-અલગ બીલોના નાણા કુલ રૂપિયા ૨૦,૧૨,૪૯૨/- ટ્રાંન્સફર કરાવી લઇ વિશ્વાસઘાત અને છેતરપિડીંગ કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એ.પટેલ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર ચાદી નં.૬૨૩/૨૦૨૬**

વાડજઃ મયંકભાઇ યોગેન્દ્રભાઈ શાહ (ઉ.વ.૩૭)(રહે.હરીદાસ કોલોની નવજીવન પ્રેસ રોડ ઇન્કમટેક્ષ) એ તા.૦૨/૦૫/૨૦૨૬ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૪/૨૦૨૬ રાતના ૮/૦૦ થી ૯/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ઘરમાંથી જુની રૂપિયાની નોટોનુ કલેક્શન કિંમત રૂપિયા ૭૯૨/-, સોનાનું બ્રેસલેટ કિંમત રૂપિયા ૧,૯૦,૦૦૦/-, માઇકલ કોર્સ તથા બેઝ મેટલ કંપનીની ઘડિયાળ નંગ-૨ કિંમત રૂપિયા ૩૩,૦૦૦/-, પીત્તળના વાસણો કિંમત રૂપિયા ૪,૦૦૦/-, કોમ્પ્યુટર અને કેમેરાના વાયરો કિંમત રૂપિયા ૨૦૦૦/-, એ.સી.ની કોપરની પાઇપ કિંમત રૂપિયા ૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૩૦,૭૯૨/- મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.જે.દેસાઇ ચલાવે છે.

વેજલપુરઃ સુરેશભાઇ સ/ઓ ડાલચંદ કુમાવત (રહે.ઉમીયા કોમ્પલેક્ષ ગુંદાવાળો વાસ બુટભવાની મંદિરની બાજુમા વેજલપુર) એ તા.૦૨/૦૫/૨૦૨૬ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૪/૨૦૨૬ થી તા.૨૮/૦૪/૨૦૨૬ સવારના ૪/૦૦ વાગ્યા દરમ્યાન વેજલપુર દુકાન નંબર-જી-૦૧ "શ્રીદેવ મેટલ કોર્પોરેશન" નામની દુકાનનું શટર ઉચુ કરી, અજાણી વ્યક્તિ દુકાનમા પ્રવેશ કરી, દુકાનમાંથી કોપર(તાંબા) ના બળેલા વાયરો, પાઇપો અને કટીંગનો સરસામાન કુલ કિંમત રૂપિયા ૬,૬૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬,૮૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એમ.ચૌહાણ ચલાવે છે.

રામોલઃ દીલીપ ભગવાનરાવ પાટીલ (ઉ.વ.૪૦)(રહે.શ્રીજી પાર્ક સોસાયટી તક્ષશીલા સ્કુલ રોડ વસ્ત્રાલ રામોલ) એ તા.૦૨/૦૫/૨૦૨૬ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૪/૨૦૨૬ થી તા.૦૨/૦૫/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન સાહેદ મુન્નાભાઇ વિરેન્દ્રભાઇ પાંડેના શ્રીજી પાર્ક સોસાયટી ખાતે ના મકાન નંબર એ/૨૬ ના દરવાજાના તાળા અને નકુચા તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૩,૪૦,૦૦૦/– ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.રબારી ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૬૨૪/૨૦૨૬**

સોલા હાઇકોર્ટઃ દિવ્યેશભાઇ સ/ઓ ચંન્દ્રકાંત મોદી (ઉ.વ.૪૩) (રહે. સેવી સ્વરાજ પ્રગતી ગોદરેજ ગાર્ડન સીટી રોડ જગતપુર) એ તા.૦૨/૦૫/૨૦૨૬ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૪/૨૦૨૬ રાતના ૯/૪૫ થી ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન ગોતા ગ્વાલીયા ચાર રસ્તા લોફ્ટ ગાર્ડન એપાર્ટમેંટના દરવાજા નજીક પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી રોકડ રૂપિયા ૧,૧૫,૦૦૦/– ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.પી.ડીંડોર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૬૨૫/૨૦૨૬**

સાબરમતીઃ રવિકુમાર પાતીરામ કુશવાહ (ઉ.વ.૩૩)(રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ દિગ્વીજય સિમેન્ટ ફેકટરી બાજુમાં છારાનગર કાળીગામ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૫/૨૦૨૬ સાંજના ૫/૧૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રજનીકાંત શંકરલાલ ચલાવે છે.

મેઘાણીનગરઃ રાકેશભાઈ જગદીશભાઈ પ્રજાપતિ (ઉ.વ.૪૭)(રહે.પર્ણકુંજ સોસાયટી વિભાગ–૦૩ કૈલાસ સ્કુલની બાજુમા રામેશ્વર મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૫/૨૦૨૬ સવારના ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

અમરાઇવાડીઃ ક્રિષ્ણકાન્ત સ/ઓ લક્ષ્મીચંદ વર્મા (ઉ.વ.૨૯)(રહે.શાંતિનગર ની ચાલી સત્યમનગર શાક માર્કેટ પાસે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૫/૨૦૨૬ સવારના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડના હુક સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી માનસિંહ અભેસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી